ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ :યુનિગુજરાત

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી
# GUJARAT UNIVERSITY

**(NAAC Accredited B++)**
**www.gujaratuniversity.org.in**

FAX : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegrams : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY,
POST BOX NO. 4010, NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

**નં. પરીક્ષા/૨-અ/BEd/૬૪૨૬૭/૨૦૧૫** **તા. ૧૭-૧૨-૨૦૧૫**

**બી.એડ સેમેસ્ટર-૧ (રેગ્યુલર) અને સેમેસ્ટર-૨ (રીપીટર) વિદ્યાર્થી માટે**

**પરિપત્ર નં. : ૨૫૩**

ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ તમામ બી.એડ્. કૉલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આ યુનિવર્સિટીના બી.એડ્. સેમેસ્ટર-૨ (રીપિટર) અને સેમેસ્ટર-૧ (રેગ્યુલર)માં પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદનપત્રો ભરવાના થાય છે. આવેદનપત્રો www.gujaratuniversity.org.in પર Student corner માં જઈ Examinationsમાં Examination Formમાંથી પ્રીપ્રિન્ટેડ ફોર્મ તેમજ કૉલેજવાઈઝ યાદી ડાઉનલોડ કરવાની રહેશે. તેમજ જે વિદ્યાર્થીનાં ફોર્મ પ્રિપ્રિન્ટેડ ન હોય તેનું કોરૂં ફોર્મ ડાઉન લોડ કરી ભરવાનું રહેશે અને Online Exam Form correction Systemમાં એન્ટ્રી કરવાની રહેશે. જે ફોર્મ ભરી ડાઉનલોડ કરેલ કૉલેજવાઈઝ યાદી તેમજ નવી એન્ટ્રી કરેલ યાદી ફી સાથે **આ કાર્યાલયને તા. ૨૮-૧૨-૨૦૧૫ સુધીમાં જમા કરાવવાનું જણાવવામાં આવે છે. ત્યારબાદ માન. કુલપતિશ્રીના આદેશ સિવાય કોઈ જ પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.**

**પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટે મોકલતા અગાઉ નીચેની સૂચનાઓનું ચુસ્તરીતે પાલન કરવા વિનંતી છે.**

(૧) સેમેસ્ટર-૧ (રેગ્યુલર) પરીક્ષા ફી પેટે વિદ્યાર્થીદીઠ રૂ. ૨૨૫/- જમા કરાવવાના રહેશે. જેમાં રૂ. ૨૫/- પરીક્ષા ફોર્મની ફી, રૂ. ૨૦૦/- પરીક્ષા ફીનો સમાવેશ થાય છે.

(૨) સેમેસ્ટર-૨ (રીપિટર) પરીક્ષા ફી પેટે વિદ્યાર્થીદીઠ રૂ. ૩૭૫/- જમા કરાવવાના રહેશે. જેમાં રૂ. ૨૫/- પરીક્ષા ફોર્મની ફી, રૂ. ૨૦૦/- થીયરી પરીક્ષાની ફી, રૂ. ૧૫૦/- પ્રેક્ટિકલ (લેશન) ફીનો સમાવેશ થાય છે.

(૨) પરીક્ષાની ફી ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ/પે-ઓર્ડર, (ડિમાન્ડ ડ્રાફ્ટમાં CTS Code હોવો ફરજિયાત છે) **કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૦૯**. ના નામનો કઢાવીને મોકલી આપવાનો રહેશે. ડિમાન્ડ ડ્રાફ્ટ/પે-ઓર્ડર બેન્ક કમિશન બાદ કરીને કઢાવવાનો રહેશે. રોકડ રકમ સ્વીકારવામાં આવશે. **ચેક સ્વીકારવામાં આવશે નહીં.**

(૩) **રીપિટર વિદ્યાર્થીઓએ ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ હજુ સુધી અત્રે જમા કરાવેલ ન હોય તેવા વિદ્યાર્થી પરિપત્ર નં. ૨૦૪, ૨૧૯ અને ૨૭૪ મુજબ સેમેસ્ટર-૨ રીપિટરનું પરીક્ષા ફોર્મ ભરી શકશે નહિં. જેની કૉલેજના આચાર્યશ્રીઓએ ખાસ નોંધ લઈ તે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.**

(૪) **ગુજરાત યુનિવર્સિટીના ઑર્ડિનન્સ ૭૦ની જોગવાઈ મુજબ ગુજરાત યુનિવર્સિટી સિવાય અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પ્રવેશ આપતા અગાઉ આ યુનિવર્સિટીનું પ્રવેશ યોગ્યતાનું પ્રમાણપત્ર (ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ) મેળવવું ફરજિયાત છે. તેની નકલ પરીક્ષા ફોર્મ જમા કરાવવા માટે આવો ત્યારે ડૉક્યુમેન્ટ સાથે બીડવાની રહેશે. અન્યથા વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ર- કરવામાં આવશે. ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ અંગેનો પરિપત્ર નં. ૨૫૪ આ સાથે સામેલ છે. જે મુજબ કાર્યવાહી કરવાની રહેશે**

(૪) **પરીક્ષા ફોર્મમાં નીચેની વિગતો સ્પષ્ટરીતે ભરવી.**

(ક) વિદ્યાર્થીએ ભરેલ તમામ વિગતો તથા પ્રી-પ્રિન્ટેડ ફોર્મમાં છપાયેલ વિગતો કૉલેજે ચકાસ્યા બાદ જ વિદ્યાર્થીના ફોર્મ તથા કૉલેજવાઈઝ યાદી આચાર્યશ્રીના સહી-સિક્કા કરીને જમા કરાવવાના રહેશે.

(ખ) જે વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ રદ કરવાનું હોય તે ફોર્મની પ્રિન્ટ કાઢીને લાલ બોલપેનથી રદ કરી યાદીમાં રદ લખી આચાર્યશ્રીના સહી-સિક્કા કરીને અલગ કરી જમા કરાવવાનું રહેશે. તેમજ Online Exam Form correction Systemમાં ડીલીટ કરી તેની પ્રિન્ટ આપવાની રહેશે.

(ગ) રીપિટર વિદ્યાર્થીઓના તમામ પ્રયત્નોની માર્કશીટની ઝેરોક્ષ નકલ ફરજિયાત જમા કરાવવાની રહેશે. અન્યથા વિદ્યાર્થીના પરીણામ પેન્ડીંગ રહેશે. **જેની કૉલેજના આચાર્યશ્રીઓએ ખાસ નોંધ લઈ તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.**

આભાર સહ.

Sd/-

પરીક્ષા નિયામક

[F:\deepak\BEd-Sem-I (Repeater) Exam FormNove.-2015.pmd]